તા. ૦૧/૧૦/૨૦૧૭

## વપરાશના નિતી નિયમો

૧. સરકારશ્રીના નિયમ મુજબ કોઈપણ પ્રકારનો ટેક્સ લાગુ પડતો હશે તો તે ટેક્ષ બુકીંગ કરાવનાર પાસેથી વસુલ કરવામાં આવશે.

૨. જે નામનું બુકીંગ કરાવવામાં આવશે તેમનું સરકાર માન્ય ફોટો આઇ-ડી પ્રુફ ની નકલ ચેક ઇન સમયે આપવાની રહેશે તેમજ ઓરીજીનલ સાથે રાખવાનું રહેશે.

૩. કુદરતી કારણોસર અથવા અનિવાર્ય સંજોગોના કારણે બુકીંગ કેન્સલ કરાવવું પડે તેવા સમયે બુકીંગ કરાવનારે લેખીત કારણદર્શક અરજી આપી જાણ કરવાની રહેશે અને આ અંગે સ્થાનીક કમીટી યોગ્ય નિર્ણય કરી શકશે.

૪. આકસ્મીક રીતે સરકારી ખાતાઓના કરવા પડતા બુકીંગ અંગે સ્થાનીક હોદેદારોને આ બુકીંગની જાણ કરી આવું બુકીંગ કરી શકશે.

૫. રૂમ, એ. સી. હોલ, ડાયનીંગ હોલ તથા ફુડ કોર્ટના બુકીંગ કરાવનારાઓએ નીતી-નીયમ અનુસાર સંપુર્ણ ડીપોઝીટ ભરવાની રહેશે તેમજ નકરા પત્રકમાં જણાવ્યા મુજબના નકકી કરેલા નકરા ચુકવવાના રહેશે.

૬. સમગ્ર સંકુલમાં માસ, મટન અને દારૂ કે કેફી દ્રવ્યોનો વપરાશ કરવાની સખ્ત મનાઈ છે તેમ છતા જો વપરાશ કરવામાં આવશે તો યુનિટ ખાલી કરાવવામાં આવશે.

૭. પ્રસંગ દરમ્યાન પાણીની વ્યવસ્થા બુકીંગ કરાવનારે કરવાની રહેશે.

૮. પ્રસંગોમાં આવનાર મહેમાનોના વાહનોનું પાર્કીંગ નીયત જગ્યામાં જ કરાવવાની જવાબદારી બુકીંગ કરાવનારાઓની રહેશે.

૯. સંજોગો અનુસાર નિયમોમાં જરૂરીયાત મુજબના ફેરફાર કરવાની સંપુર્ણ સતા કારોબારી સમિતિને રહેશે અને નીયમોમાં થયેલ ફેરફાર બુકીંગ કરાવનારાઓને બંધન કર્તા રહેશે.

૧૦. કોઈપણ પ્રકારના ફટાકડા કે આતશબાજી ઓશવાળ સેન્ટર સંકુલમાં ફોડવાની સખ્ત મનાઈ છે. તે ન ફોડવા માટેની બાંહેધરી બુકીંગ કરાવનારાઓએ આપવાની રહેશે.

૧૧. પ્રદુષણ અંગેના સરકારશ્રીના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાની જવાબદારી બુકીંગ કરાવનારની રહેશે.

૧૨. નીયત કરેલા નિતી-નીયમો અને નકરામાં જયાં સુધી નવો ફેરફાર નહી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

૧૩. પ્રસંગ દરમ્યાન સંકુલમાં મહેમાનોના કોઇ પણ પ્રકારનો સામાન ગેરવલ્લે થવા માટે સંસ્થાની કોઇ પણ જાતની જવાબદારી રહેશે નહી.

૧૪. પ્રસંગ દરમ્યાન બુકીંગ કરાવનાર દ્વારા સંસ્થાની મીલ્કતને કોઈપણ પ્રકારનું નુકશાન થશે અથવા વપરાશમાં લીધેલ સામાનમાં ઘટ કે ભાંગતુટ થશે તો તે અંગેનો ખર્ચ બુકીંગ કરાવનાર પાસેથી લેવામાં આવશે.

૧૫. રૂમ બુકીંગ કરાવનારને યુનીટ પ્રમાણેના મળતા રૂમોના બુકીંગનો લાભ વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે.

૧૬. બાથરૂમમાં કપડા ધોવા અથવા રૂમની બહાર કપડા સુકવવાની સખ્ત મનાઈ છે.

૧૭. એક રૂમમાં વધુ બે બેડ શીટ (ગાદલા) આપવામાં આવશે.